ફોન :-
૨૨૦૨૨૮
૨૨૧૩૪૭
૨૩૦૦૬૮
૨૩૦૮૦૮

# ડી. પી. ઠક્કર એન્ડ કું.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ
## ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

તા. ૨૪-૦૨-૨૦૧૫

ભાઇશ્રી,

ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૪-૧૫ નો ઇન્કમટેક્ષ એડવાન્સટેક્ષ નો છેલ્લો હપ્તો તા. ૧૫-૦૩-૨૦૧૫ સુધીમાં ભરવાનો છે. જેની જરૂરી માહિતી નીચે મુજબ છે.

(૧) અંગત, H.U.F, ભાગીદારી પેઢી કે કંપની અને સહકારી મંડળીઓ જેમની પણ ચાલુ વર્ષની આવક ની ભરવા પાત્ર ઇન્કમટેક્ષ (T.D.S. બાદ કર્યા પછી) રૂા. ૧૦,૦૦૦/- થી વધતો હોય તો એડવાન્સ ટેક્ષ ભરવો પડે.

(૨) એટલે વેપારીએ પોતાની તથા ભાગીદારોની ચાલુ વર્ષની અંદાજીત આવક, મજરે લેવાની T.D.S. રકમ, ભરેલ LIC, PPF, NSC, મેડીકલેઇમ પ્રીમીયમ તથા એડવાન્સ ટેક્ષના ચલણોની વિગત તા. ૫-૩-૨૦૧૫ સુધીમાં અમને મોકલવી જેથી એડવાન્સ ટેક્ષના ચલણો મોકલી શકાય.

(૩) <u>અંગત તથા H.U.F, માટે ચાલુ વર્ષના ઇન્કમટેક્ષના દર નીચે મુજબ છે.</u>

| | | |
|---|---|---|
| (૧) | ૬૦ વર્ષ સુધીના દરેક સ્ત્રી પુરૂષને........ | રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી માફ |
| (૨) | ૬૦ થી ૮૦ વર્ષ સુધીના સ્ત્રી / પુરૂષ........ | રૂા. ૩,૦૦,૦૦૦/- સુધી માફ |
| (૩) | ૮૦ વર્ષ થી વધુ ઉંમરના સ્ત્રી પુરુષ ...... | રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી માફ |
| (૪) | H.U.F. ને ................................ | રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી માફ |

(૫) ઉપર મુજબ ની બેઝીક રકમ પછી કુલ

(૧) રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની આવક ઉપર..............૧૦% પ્રમાણે

(૨) રૂા. ૫,૦૦,૦૦૦/- થી ૧૦,૦૦,૦૦૦/- ની આવક સુધી...૨૦% પ્રમાણે

(૩) રૂા. ૧૦,૦૦,૦૦૦/- ઉપર ની બધી આવક ઉપર... ૩૦% પ્રમાણે

નોંધ :- જે વ્યકિતની અંગત કુલ આવક રૂા. ૫ લાખથી વધારે ન હોય તેમને ભરવાપાત્ર ટેક્ષમાંથી રૂા. ૨૦૦૦/- નું રીબેટ મળશે (ફકત અંગતના કેસમાં)

(૪) ભાગીદારી પેઢીને ધંધાના તમામ ખર્ચા તથા ભાગીદારોની મુડીનું ૧૨% સુધીનું વ્યાજ બાદ કર્યા પછી જે બુક પ્રોફીટ બાકી વધે તેમાંથી વર્કીંગ પાર્ટનરોના પગાર નીચે મુજબ બાદ મળે છે.

(૧) રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીના નફા ઉપર ....................૧૦૦% પગાર

(૨) નફો રૂા. ૧,૫૦,૦૦૦/- થી વધારે અને
રૂા. ૩,૦૦,૦૦૦/-સુધી હોયતો......સળંગ કુલ નફાનો ૯૦% પગાર

(૩) રૂા. ૩,૦૦,૦૦૦/- ઉપરની નફાની રકમ ઉપર ..............૬૦% પગાર

નોંધ :- ભાગીદારોની મુડીનું વ્યાજ તથા પગાર બાદ લેવા માટે ભાગીદારી દસ્તાવેજમાં તેની જોગવાઇ હોવી જરૂરી છે. નહીંતર વ્યાજ અને પગાર બાદ મળે નહિં

(૫) ટેક્ષની રકમ ઉપર ૩% સેસ લાગે છે. ૧ કરોડ ઉપરની આવક હોય તો સરચાર્જ પણ લાગે છે.

(૬) અંગત તથા H.U.F. ને LIC, PPF, NSC, હાઉસીંગ લોન હપ્તાનું મુદ્દલ વિગેરે રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે. મેડીકલ વીમો રૂા. ૧૫૦૦૦/-સુધી અને હાઉસીંગ લોનનું વ્યાજ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(૭) <u>વ્યાજ કપાત માફીના Form 15G / 15H</u>

(૧) રૂા. ૫૦૦૦/-થી વધુનું વ્યાજ અંગત કે H.U.F, ને વ્યાજ કપાત કર્યા વગર ચુકવવું હોયતો વ્યાજ મેળવનારે Form 15G કે 15H આપવું પડે આ અંગેની કેટલીક જરૂરી માહિતી નીચે મુજબ છે.

(૨) જેમની આવક ટેક્ષેબલ લીમીટથી ઓછી હોય અને વ્યાજની રકમ પણ ટેક્ષેબલ લીમીટથી ઓછી હોય તેજ આ ફોર્મ આપી શકે.

(૩) આ ફોર્મ તા. ૭-૪-૨૦૧૫ સુધીમાં TDS કમિશ્નર શ્રીની કચેરીમાં ફાઇલ કરવું ફરજીયાત છે નહિંતર રોજનો રૂા. ૨૦૦/- દંડ થાય છે.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

अन्तर्देशीय पत्र कार्ड
INLAND LETTER CARD



इस रेखा के नीचे न लिखें और न ही मुद्रित करें Do not write or print below this line — पिन PIN

दूसरा मोड़ SECOND FOLD

इस पत्र के अन्दर कुछ न रखें NO ENCLOSURES ALLOWED
पते में पिन कोड लिखें WRITE PIN CODE IN ADDRESS
प्रेषक का नाम और पता :— SENDER'S NAME AND ADDRESS :—

કી. પી. કક્કર એન્ડ કું.
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ. (ઉ.ગુ.)
पिन PIN ૩ ૮ ૪ ૨ ૬ ૫




पहला मोड़ FIRST FOLD

(૪) આ ફોર્મ આપનારે ફોર્મમાં નીચેની વિગતો આપવાની રહેશે. નામ, પુરૂ સરનામું, ઉંમર, PAN NO, કયા વોર્ડમાં રીટર્ન ભરોછો, છેલ્લું કયા વર્ષનું રીટર્ન ભર્યું છે, ડીવીડન્ડ ની કેટલી આવક છે? મ્યુ. ફંડની આવક કેટલી ? ધંધો કરતા હોયતો ધંધાનું શું નામ છે ? ચાલુ વર્ષની કુલ આવક કેટલી ?

(૫) વ્યાજ મેળવનાર ની ઉંમર ૬૦ વર્ષ પુરી થયેલ હોયતો Form 15H આપવું પડે અન્યથા Form 15G આપવું પડે H.U.F. એ Form 15G આપવું પડે
એટલે તા. ૩૧-૩-૨૦૧૫ ના વ્યાજ ચુકવો તેમાં જેના Form 15G / 15H લેવાના હોય તેમની ઉપર મુજબની વિગત અમને તા. ૨૫-૩-૨૦૧૫ સુધીમાં મોકલવી જેથી જરૂરી Form તૈયાર કરીને સહીમાં મોકલી શકાય.

કુશળ હશો

લી.
ધીરૂભાઇ-કનુભાઇ
પિયુષભાઇ-નિખિલભાઇ